Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

Make Safety Your Top Priority



Application for KSB Make Fire Fighting Pumps
Industries & Factories
Commercial & Residential Buildings
Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com
41

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ વદ બારસ ગુરુવાર ૧૪ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭૧

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# સોના-ચાંદીની આયાત ડ્યુટીમાં બમણાથી વધુનો વધારો

**ક્રૂડ** અને ખાતરની આયાત માટે વિદેશી હૂંડિયામણ બચાવવા બિન-જરૂરી આયાત પર બ્રેક

**મોદીની** અપીલ બાદ સરકારનો મોટો નિર્ણય

**પશ્ચિમ** એશિયાના યુદ્ધ વચ્ચે ડોલર બચાવવા અને રૂપિયાને ટેકો આપવા ડ્યુટીમાં વધારો, સોનું હવે સામાન્ય માણસની પહોંચ બહાર?

**નવી દિલ્હી, તા. ૧૩ (PTI):** સરકારે બુધવારે સોના અને ચાંદી પરની આયાત જકાત ૬ ટકાથી વધારીને ૧૫ ટકા કરી દીધી છે, કારણ કે સરકાર બિન-જરૂરી આયાત પર અંકુશ મેળવવા અને પશ્ચિમ એશિયાના સંઘર્ષ વચ્ચે તેલ અને ખાતરની વધુ પડતી ખરીદીને કારણે દબાણ હેઠળ આવેલા વિદેશી હૂંડિયામણના ભંડારને સુરક્ષિત કરવા માંગે છે.

આ વધારો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સપ્તાહના અંતે (વીકેન્ડમાં) કરવામાં આવેલી એક દુર્લભ અપીલ પછી આવ્યો છે, જેમાં તેમણે સ્થાનિક ચલણને મદદ કરવા માટે સોનાની



ખરીદી તેમજ બિન-જરૂરી વિદેશ પ્રવાસ છોડી દેવા અને તેલની બચત કરવા વિનંતી કરી હતી.

ભારત કિંમતી ધાતુઓનો વિશ્વનો બીજો સૌથી મોટો ઉપભોક્તા દેશ છે, જેમાં રોકાણના હેતુઓ સહિતની માંગમાં અવિરત વધારાને કારણે તાજેતરના મહિનાઓમાં કિંમતોમાં તેજી જોવા મળી છે. ક્રૂડ ઓઈલ પછી સોનું ભારતની બીજી સૌથી મોટી કોમોડિટી આયાત છે, અને વધતી જતી ખરીદીએ વિદેશી હૂંડિયામણના આઉટફ્લો (બહાર પ્રવાહ) માં વધારો કર્યો છે, જેનાથી રૂપિયો રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો છે.

ઊંચા ટેરિફ (જકાત)થી સોના અને ચાંદીના સ્થાનિક ભાવમાં વધારો થવાની અપેક્ષા છે.

**જાણો તમારી ખિસ્સા પર શું અસર થશે?**

પશ્ચિમ એશિયાના યુદ્ધ અને ડોલર સામે ઘટતા રૂપિયાની કટોકટી વચ્ચે ભારત સરકારે એક મોટું કદમ ઉઠાવ્યું છે. સરકારે સોના અને ચાંદી પરની આયાત જકાત (Import Duty) 6%થી વધારીને સીધી 15% કરી દીધી છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય દેશનું વિદેશી હૂંડિયામણ બચાવવાનો અને બિન-જરૂરી આયાત પર અંકુશ મેળવવાનો છે.

૧. ડ્યુટી સ્ટ્રક્ચરમાં શું બદલાવ આવ્યો?

સોના અને ચાંદી પર હવે કુલ ટેક્સનું ગણિત નીચે મુજબ રહેશે:

**બેઝિક કસ્ટમ્સ ડ્યુટી:** 5%થી વધીને 10% (બમણી થઈ).

**AIDC (એગ્રીકલ્ચર સેસ):** 1%થી વધીને 5% (પાંચ ગણો વધારો).

**ઈફેક્ટિવ ડ્યુટી:** કુલ 15%.

**IGST (3%):** આ બધું મળીને ગ્રાહક પર કુલ 18.45% ટેક્સનો બોજ પડશે, જે અગાઉ 9.18% હતો.

...અનુસંધાન પાના 11 પર

## આયાત ડ્યુટીમાં વધારાથી સોના-ચાંદીમાં તોતિંગ ભાવવધારો

**10** ગ્રામ સોનાનો ભાવ રૂ.1.65 લાખને પાર પહોંચ્યો, ચાંદી પ્રતિ કિલો રૂ.2.97 લાખની સપાટીએ પહોંચી

**જેમ** એન્ડ જ્વેલરી કાઉન્સિલે ચિંતા વ્યક્ત કરી કે ડ્યુટી વધારાથી આયાત ઘટવાને બદલે માત્ર સ્થાનિક ભાવમાં વધારો થશે

નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ): ભારત સરકાર દ્વારા કિંમતી ધાતુઓ પરની આયાત ડ્યુટીને વધારીને 15 ટકા કરવામાં આવતા બુધવારે સ્થાનિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

દિલ્હીના સ્થાનિક બજારમાં સોનાના ભાવમાં પ્રતિ 10 ગ્રામ 8,550 રૂપિયાનો વધારો થયો છે, જેનાથી તેની કિંમત 1,65,350 રૂપિયા પર પહોંચી ગઈ છે. અગાઉ સોનું 1,56,800 રૂપિયા પર બંધ થયું હતું. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ચાંદીના ભાવમાં પણ પ્રતિ કિલો 20,500 રૂપિયાનો જંગી વધારો થયો છે, જેના કારણે તે ગઈકાલના 2,77,000 રૂપિયાથી વધીને હવે 2,97,500 રૂપિયા પ્રતિ

...અનુસંધાન પાના 11 પર

## બીજિંગ પહોંચેલા ટ્રમ્પનું ભવ્ય સ્વાગત કરાયું

**પ્રોટોકોલ** તોડીને ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગે એરપોર્ટ પર ટ્રમ્પનું સ્વાગત કર્યું હતું

**ટ્રમ્પ** વેપાર અને ઈરાન યુદ્ધ મુદ્દે શી જિનપિંગ સાથે મહત્વપૂર્ણ મંત્રણા કરશે



બીજિંગ, તા. 13 (પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે ચીનની મુલાકાતે બીજિંગ પહોંચ્યા હતા, જ્યાં તેમનું ભવ્ય રેડ કાર્પેટ સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રોટોકોલ તોડીને ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગે પોતે એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું હતું, જે આ મુલાકાતનું મહત્વ દર્શાવે છે.

એરપોર્ટ પર ચીની સૈન્ય દ્વારા 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું અને સેંકડો યુવાનોએ બંને દેશોના ઝંડા લહેરાવી ટ્રમ્પનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ મુલાકાત દરમિયાન ટ્રમ્પ અને ચીની પ્રમુખ શી જિનપિંગ વચ્ચે ઈરાન યુદ્ધ, વેપાર કરાર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા ગંભીર મુદ્દાઓ પર અનેક રાઉન્ડની વાતચીત થશે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે તેઓ શી જિનપિંગને ચીનના બજારો વધુ ખુલ્લા કરવા વિનંતી કરશે. ચીન અમેરિકા પાસેથી સેમિકન્ડક્ટર ચિપ્સની માગ કરી રહ્યું છે, જ્યારે અમેરિકા મોબાઈલ અને એરક્રાફ્ટના ઉત્પાદન માટે

...અનુસંધાન પાના 11 પર

### અમેરિકા-ચીન વચ્ચે વેપાર મુદ્દે 'નિખાલસ' ચર્ચાઓ થઇ

બીજિંગ, તા. 13 (પીટીઆઈ): ચીનના સરકારી મીડિયા CCTVના અહેવાલ મુજબ, ચીનના વાઈસ પ્રીમિયર હે લિફેંગ અને અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે દક્ષિણ કોરિયામાં આર્થિક અને વ્યાપારી મુદ્દાઓ પર નિખાલસ, ગહન અને રચનાત્મક ચર્ચા કરી છે. આ મહત્વની બેઠક પ્રમુખ ટ્રમ્પના ચીન આગમન ના થોડા કલાકો પહેલા જ યોજાઈ હતી. બંને દેશોના નેતાઓ વચ્ચે પરસ્પર હિતોના મુદ્દાઓ ઉકેલવા અને વ્યવહારિક સહયોગ વધારવા અંગે

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી



### ભાજપની રણનીતિઃ ચૂંટણી પ્રચારમાં રાજીવ પ્રતાપ રૂડીની ગેરહાજરી

૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના બહુ ઓછા દિગ્ગજો પ્રચારથી દૂર રહ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસના સુપ્રિમો મમતા બેનર્જી સામે રાજ્યમાં પ્રચાર કરવા માટે ભગવા પક્ષે તેના ભાથામાં રહેલા લગભગ તમામ શસ્ત્રોનો (નેતાઓનો) ઉપયોગ કર્યો હતો. જોકે, કેટલાક નામો ગાયબ હતા; જેનું કારણ કોઈ જાણતું નથી. એક ગેરહાજરી જે ખાસ ધ્યાન ખેંચનારી હતી તે બિહારના પક્ષના સાંસદ રાજીવ પ્રતાપ રૂડીની હતી. બિહારના સારણ મતવિસ્તારના ચાર ટર્મના સાંસદ, જેઓ લાઇસન્સ ધરાવતા પાઇલટ પણ છે, તેઓ પશ્ચિમ બંગાળમાં ઉપયોગી થઈ શક્યા હોત. કારણ કે, ત્યાં બિહારી મતદારોનો મોટો આધાર છે. તેમ છતાં રૂડીને તેમની પાર્ટી દ્વારા પ્રચારમાં ઉતારવામાં આવ્યા ન હતા. તે જાણીજોઈને લેવાયેલો નિર્ણય હતો કે કોઈ ભૂલ હતી તે અસ્પષ્ટ છે. છેવટે, ઘણા સાંસદો કમર્શિયલ પાઇલટ તરીકે બેવડી ભૂમિકા ભજવતા નથી, જે રૂડી ભજવે છે. એક્સ પર તેમનો બાયો જણાવે છે: 'કેપ્ટન એરબસ'. ૩૦ એપ્રિલના રોજ, રાજ્યમાં મતદાન સમાપ્ત થયાના એક દિવસ પછી, કેપ્ટન રૂડીએ જમ્મુથી દિલ્હી સુધી ઈન્ડિગોનું વિમાન ઉડાડ્યું હતું. તે વિમાનમાં સરકાર અને સંસદના તેમના સાથીદારો સવાર હતા, જેમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને વિજ્ઞાન અને ટેક્નોલોજી રાજ્ય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહનો સમાવેશ થાય છે. તેમાંના મોટા ભાગના પશ્ચિમ

...અનુસંધાન પાના 11 પર

## અમૂલ દૂધમાં પ્રતિ લીટર રૂ. 2નો વધારો : આજથી નવા ભાવ લાગુ

**ખેડૂતોની** આવક જાળવી રાખવા ભાવ વધારો અનિવાર્ય હોવાનું કારણ અપાયું

**પશુ** આહાર અને ઈંધણના ખર્ચમાં વધારો થતા એક વર્ષ બાદ અમૂલે નિર્ણય લીધો

**અમુલ દૂધના ભાવમાં થયેલો ફેરફાર**

| દૂધનો પ્રકાર | પાઉચ | જુનો ભાવ | નવો ભાવ |
|---|---|---|---|
| અમુલ ગોલ્ડ | ૫૦૦ મીલી | રૂ. ૩૪.૦૦ | રૂ. ૩૫.૦૦ |
| અમૂલ શક્તિ | ૫૦૦ મીલી | રૂ. ૩૧.૦૦ | રૂ. ૩૨.૦૦ |
| અમૂલ ગાય | ૫૦૦ મીલી | રૂ. ૨૯.૦૦ | રૂ. ૩૦.૦૦ |
| અમૂલ ગાય | ૨૦૦ મીલી | રૂ. ૧૧.૦૦ | રૂ. ૧૨.૦૦ |
| અમૂલ તાઝા | ૫૦૦ મીલી | રૂ. ૨૮.૦૦ | રૂ. ૨૯.૦૦ |



આણંદ./ વડોદરા તા. 13 : ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF), જે અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધનું વેચાણ કરે છે, તેના દ્વારા દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂપિયા 2 સુધીનો વધારો જાહેર કરવામાં આવ્યો છે. આ નવો ભાવ વધારો 14મી મે 2026થી સમગ્ર ભારતમાં અમલમાં આવશે. મે-2025 બાદ એટલે કે એક વર્ષ કરતા વધુ સમય પછી આ ભાવ વધારો કરવામાં આવ્યો છે.

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (અમૂલ) દ્વારા કરવામાં આવેલા આ ભાવ વધારો મહત્તમ વેચાણ કિંમતના 2.5 ટકાથી 3.5 ટકાની વચ્ચે છે, જે સરેરાશ ખાદ્ય ફુગાવા કરતા ઓછો છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ 36 લાખ દૂધ ઉત્પાદકોના ઈનપુટ ખર્ચમાં થયેલો વધારો છે. છેલ્લા એક વર્ષમાં પશુ આહાર, દૂધના પેકેજિંગ માટેની ફિલ્મ અને બળતણના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. આ અંગે ફેડરેશનના

...અનુસંધાન પાના 11 પર

## NEET પેપર લીક : દેશભરમાં દરોડા પાડી CBIએ પાંચની ધરપકડ કરી

**શંકાસ્પદોના** મોબાઈલ અને લેપટોપ જપ્ત કરી ફોરેન્સિક તપાસ માટે મોકલાયા

**પરીક્ષા** પહેલા ફરેલા 410 પ્રશ્નોના 'ગેસ પેપર'માંથી 120 પ્રશ્નો અસલી પરીક્ષામાં પૂછાયા હતા

**નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ):** સીબીઆઈએ નીટ-યુજી પેપર લીક કેસમાં તેની તપાસ તેજ કરતા દેશભરના વિવિધ સ્થળોએ દરોડા પાડીને 5 લોકોની ધરપકડ કરી છે.

બુધવારે એજન્સીએ જયપુરથી 3, ગુરુગ્રામથી 1 અને નાસિકથી 1 વ્યક્તિની ધરપકડ કરી હતી. મંગળવારે નાસિકથી પકડાયેલા 30 વર્ષીય શુભમ ખેરનારને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર પૂછપરછ માટે દિલ્હી લાવવામાં આવી રહ્યો છે. સીબીઆઈ અત્યારે અન્ય અનેક શંકાસ્પદોની પણ પૂછપરછ કરી રહી છે, જેમના નામ તપાસ દરમિયાન સામે આવ્યા છે. આ કેસમાં અત્યાર સુધીમાં 150 થી વધુ લોકોની પૂછપરછ કરવામાં આવી છે અને 24 થી વધુ શંકાસ્પદોને વધુ તપાસ માટે CBI ને સોંપવામાં આવ્યા છે.

સીબીઆઈએ શંકાસ્પદો પાસેથી મોબાઈલ ફોન અને લેપટોપ જેવા ડિજિટલ ઉપકરણો જપ્ત કર્યા છે,



જેનો ઉપયોગ પેપર ફેલાવવા માટે કરવામાં આવ્યો હોવાની આશંકા છે. આ ઉપકરણોને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવશે. આ ઉપરાંત, સીબીઆઈની એક ટીમે દિલ્હી સ્થિત નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)

...અનુસંધાન પાના 11 પર

### પેપર લીક પર વિવિધ પ્રતિક્રિયા

મેડિકલ એસોસિએશન (FAIMA)એ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી NTAના સ્થાને વધુ અત્યાધુનિક અને સ્વાયત્ત સંસ્થાની માગ કરી છે. પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે આરોપ લગાવ્યો છે કે પકડાયેલ દિનેશ બિવાલ ભાજપનો કાર્યકર્તા છે, જોકે ભાજપે આ વાતને નકારી છે. પશ્ચિમ બંગાળના સીએમ અને તમિલનાડુના સીએમ વિજયે પણ NEET રદ કરવાની અને રાજ્યોને 12મા ધોરણના ગુણના આધારે પ્રવેશ આપવાની છૂટ આપવાની માગ કરી છે.

### 'પ્રાઈવેટ માફિયા' ગ્રુપ દ્વારા પેપર લીક થયાનો ખુલાસો

જયપુર/નવી દિલ્હી: NEET પેપર લીક કેસમાં CBI અને રાજસ્થાન SOGની તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ પેપર લીકના તાર કેરળમાં MBBSનો અભ્યાસ કરતા રાજસ્થાનના સીકરના એક વિદ્યાર્થી સાથે જોડાયેલા છે. આ વિદ્યાર્થીએ સૌથી પહેલા આ 'ગેસ પેપર' પોતાના મિત્રો અને સીકરના એક હોસ્ટેલ માલિકને મોકલ્યું હતું. રાજસ્થાન એસઓજીના દાવા મુજબ, પરીક્ષા પહેલા કેમિસ્ટ્રીનું એક 'ગેસ પેપર' ફરતું થયું હતું, જેમાં 410 પ્રશ્નો હતા અને તેમાંથી લગભગ 120 પ્રશ્નો અસલી પરીક્ષામાં પૂછાયા હતા. આ સામગ્રી હરિયાણાના ગુરુગ્રામના એક શખ્સ દ્વારા રાજસ્થાન પહોંચી હોવાનું મનાય છે. તપાસ દરમિયાન 'પ્રાઈવેટ માફિયા' નામના એક સોશિયલ મીડિયા ગ્રુપનો પત્તો લાગ્યો છે, જેમાં પાસવર્ડ પ્રોટેક્ટેડ પીડીએફ ફાઈલ દ્વારા પેપર ફેલાવવામાં આવ્યું હતું. આ પીડીએફ ફાઈલમાં કેમિસ્ટ્રીના 45 અને બાયોલોજીના 90 પ્રશ્નો હતા, જે અસલી પરીક્ષાના પેપર સાથે મળતા આવતા હતા. સીકરના એક હોસ્ટેલ માલિકે જ્યારે જોયું કે પ્રશ્ન બેંક મોટા પાયે વહેંચાઈ રહી છે, ત્યારે તેણે પોતે જ પોલીસ અને એનટીએને આ અંગે જાણ કરી હતી. તપાસની કડીઓ હવે મહારાષ્ટ્રના નાસિક તરફ પણ જઈ રહી છે, જ્યાંથી આ પેપર લીક થયું હોવાની પ્રબળ આશંકા છે.

## કરકસરના માર્ગે સરકાર : વડાપ્રધાન મોદીએ પોતાના કાફલામાં કર્યો ઘટાડો

**ભાજપ** શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓએ પણ કરકસરના પગલાંની જાહેરાત કરી

**કાફલામાં** સુરક્ષા પ્રોટોકોલ જાળવીને ઇલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવા પીએમની સૂચના

**નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ):** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં કરકસરના પગલાં લેવાની કરેલી અપીલ બાદ પોતે જ તેની શરૂઆત કરી છે. પીએમ મોદીએ તેમના કાફલામાં વાહનોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે.

હૈદરાદમાં તેમણે કરકસરના પગલાં લેવાનું સૂચન કર્યા બાદ

...અનુસંધાન પાના 11 પર

### રાજ્યપાલ દેવવ્રત ટ્રેન-બસનો ઉપયોગ કરશે, હર્ષ સંઘવીએ વિદેશ પ્રવાસ રદ કર્યો

ગુજરાતમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજ્યની અંદર હેલિકોપ્ટર અને ફ્લાઈટના બદલે એસટી બસ અને ટ્રેનમાં મુસાફરી કરવાનો નિર્ણય લીધો છે અને પોતાના કાફલામાં ઘટાડો કર્યો છે, જ્યારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તેમની પૂર્વનિર્ધારીત વિદેશ યાત્રા રદ કરી છે. બિહાર અને મહારાષ્ટ્રમાં પણ મંત્રીઓએ પોતાના પ્રવાસ અને વાહનો પર નિયંત્રણો લાદ્યા છે. પશ્ચિમ એશિયાના સંકટને કારણે વિદેશી હૂંડિયામણ બચાવવા માટે પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઘટાડવા અને મેટ્રો જેવી સેવાઓનો ઉપયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

## અમિત શાહ સહિતના નેતાઓએ કાફલો અને ઈંધણ ખર્ચ ઘડાટ્યો

નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ): વડાપ્રધાન મોદીની કરકસરની અપીલ બાદ દેશભરમાં VIP કલ્ચરમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. ઈરાન યુદ્ધ અને વૈશ્વિક તેલ સંકટને પગલે પીએમની 'સાત અપીલો' પર અમલ કરતા કેન્દ્રીય મંત્રીઓ અને મુખ્યમંત્રીઓએ સ્વૈચ્છિક રીતે પોતાના કાફલા ઘટાડ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેબિનેટ બેઠકમાં પશ્ચિમ એશિયાના સંકટને પગલે બિનજરૂરી ખર્ચ ઘટાડવા અને ઈંધણ બચાવવા અપીલ કરી છે. તેમણે મંત્રીઓને વિદેશ પ્રવાસ અને કાફલામાં ઘટાડો કરી સંસાધનોનો

...અનુસંધાન પાના 11 પર

## અમદાવાદ-ધોલેરા વચ્ચે દોડશે સેમી-હાઈ-સ્પીડ ટ્રેન

**રૂ. 20,667** કરોડની લાગતનો આ પ્રોજેક્ટ ભારતીય રેલવેનો સ્વદેશી ટેક્નોલોજીથી વિકસિત પ્રથમ સેમી-હાઈ-સ્પીડ કોરિડોર હશે

**અમદાવાદના** સરખેજથી ધોલેરા પહોંચવામાં હવે માત્ર 34 મિનિટ લાગશે

**નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ):** વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ સમિતિએ બુધવારે ગુજરાતમાં અમદાવાદ અને ધોલેરા વચ્ચે 134 કિમી લાંબી સેમી-હાઈ-સ્પીડ ડબલ રેલ લાઈનના નિર્માણને મંજૂરી આપી છે. અંદાજે રૂ. 20,667 કરોડના ખર્ચે તૈયાર થનારો આ પ્રોજેક્ટ ભારતીય રેલવેનો સ્વદેશી ટેક્નોલોજીથી વિકસિત પ્રથમ સેમી-હાઈ-સ્પીડ કોરિડોર હશે.

આ રેલ લાઈન અમદાવાદ, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (SIR), આગામી ધોલેરા એરપોર્ટ અને લોથલ નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ વચ્ચે ઝડપી કનેક્ટિવિટી પૂરી પાડશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ ટ્રેન 220 કિ.મી. પ્રતિ કલાકની ડિઝાઈન સ્પીડ અને 200 કિ.મી. પ્રતિ કલાકની ઓપરેશનલ સ્પીડ ધરાવતી હશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ સરખેજ અને ધોલેરા વચ્ચેનું મુસાફરીનું અંતર ઘટીને માત્ર 34 મિનિટ જેટલું થઈ જશે, જે અત્યારે ઘણું વધારે છે. આનાથી રોજિંદા મુસાફરો માટે તે જ દિવસે પરત આવવું શક્ય બનશે.

ગુજરાતમાં ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન એ એક 'ગ્રીનફિલ્ડ ઈન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સિટી' છે, જેને ઉત્પાદન, ઈનોવેશન (નવીનતા) અને શહેરી જીવનશૈલી માટેના વૈશ્વિક હબ તરીકે આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રોજેક્ટ આગામી ચાર વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે, જે અંદાજે 284 ગામો અને 5 લાખની વસ્તીને કનેક્ટીવીટીનો લાભ પહોંચાડશે. પર્યાવરણની દ્રષ્ટિએ પણ આ પ્રોજેક્ટ ઘણો મહત્વનો છે; તેનાથી ઈંધણની આયાતમાં 0.48 કરોડ લિટરનો ઘટાડો થશે અને કાર્બન ઉત્સર્જનમાં 2 કરોડ કિલોનો ઘટાડો થશે, જે લગભગ 10 લાખ વૃક્ષો વાવવા

...અનુસંધાન પાના 11 પર

## કેન્દ્ર સરકારે ડાંગર સહિત 14 ખરીફ પાકોના લઘુત્તમ ટેકાના ભાવ વધાર્યા

**નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ):** કેન્દ્ર સરકારે બુધવારે 2026-27ની ખરીફ માર્કેટિંગ સીઝન માટે ડાંગરના લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) માં ક્વિન્ટલ દીઠ રૂ. 72નો વધારો કરી રૂ. 2,441 નક્કી કર્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ સમિતિએ કુલ 14 ખરીફ પાકો માટે એમએસપી મંજૂર કરી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય તેલીબિયાં અને કઠોળના ઉત્પાદનને પ્રોત્સાહન આપી આયાત પર નિર્ભરતા ઘટાડવાનો છે. આ વખતે સૌથી મોટો વધારો સૂર્યમુખીના બીજમાં ક્વિન્ટલ દીઠ રૂ. 622નો કરવામાં આવ્યો છે, જે હવે રૂ. 8,343 પર પહોંચી છે. કપાસના ભાવમાં

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૩-૦૫-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૪.૩° સે. | ૨૮.૬° સે. | ૭૨% |